RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 357 * Date: 18.10.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ખાટુશ્યામ જતાં શ્રદ્ધાળુઓની બસ ખાડામાં ખાબકી, ૮ના મોત



રાજસ્થાનના કોટા જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કરાડિયા નજીક એક ખાનગી બસ ઊંડા ખાડામાં ખાબકી હતી. દિલ્હીથી મુંબઈ જતી બસનો ચાલકે કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે અનેક મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે. રાજસ્થાનના કોટા જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કરાડિયા નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. દિલ્હીથી મુંબઈ તરફ જઈ રહેલી એક મુસાફર બસ અચાનક ચાલકે કાબૂ ગુમાવતા રોડની સાઈડમાં આવેલા ઊંડા ખાડામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અનેક મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.અહેવાલો અનુસાર, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહેલી ઝડપી બસ કરાડિયા નજીક પહોંચતા જ અચાનક અનિયંત્રિત થઈ ગઈ હતી. ડ્રાઈવર બસ પરનો કાબૂ ગુમાવી બેસતા બસ ધડાકાભેર રસ્તા કિનારે આવેલા ખાડામાં પલટી મારી ગઈ હતી. અકસ્માત સર્જાતા જ બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો અને એસએચઓ નંદ સિંહ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસ અને સ્થાનિક લોકોએ તાત્કાલિક ધોરણે બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.જિલ્લા કલેક્ટર પીયૂષ સમરિયાએ અકસ્માતમાં આઠ લોકોના મોતની પુષ્ટિ કરી છે. બસમાં ભોપાલથી ૨૧ લોકો સવાર હતા, જેમાં વૃદ્ધો અને બાળકોનો સમાવેશ થાય છે. તેઓ ભોપાલથી ખાટુશ્યામજીના દર્શન માટે જઈ રહ્યા હતા.

ભરુચમાં ફાર્મા કંપનીમાં બ્લાસ્ટમાં ૫ શ્રમિકોના મોત બાદ તંત્રની મોટી કાર્યવાહી, ક્લોઝર નોટિસ ફટકારી



ભરુચ જિલ્લાના વાગરા ચૈઠ્ઠમાં સેનઝીલ ફાર્મા કેમ પ્રા. લિમિટેડ કંપનીમાં મોડી રાત્રે ૧૫ હજાર લિટરના રિએક્ટરમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. આ કરુણાંતિકામાં ૫ શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય ૬ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે.ગુજરાતના ભરુચ જિલ્લામાંથી એક કરુણાંતિકાના અહેવાલ સામે આવ્યા છે. કાળજુ કંપાવતી આ દુર્ઘટનામાં ભરુચની વાગરા ચૈઠ્ઠમાં આવેલી સેનઝીલ ફાર્મા કેમ પ્રાઈવેટ લિમિટેડ નામની એક ફાર્મા કંપનીમાં મોડી રાતે ૧૫ હજાર લિટરની ક્ષમતા ધરાવતા રિએક્ટરમાં પ્રચંડ બ્લાસ્ટની ઘટના બની હતી. જેના કારણે ૫ શ્રમિકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. જ્યારે અન્ય ૬ની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. કંપનીમાં હાઈડ્રોજિનેશનની પ્રક્રિયા દરમિયાન બ્લાસ્ટની ઘટના બની હતી. હવે આ મામલે તંત્રએ કાર્યવાહી હાથ ધરતાં કંપનીને ક્લોઝર નોટિસ પણ ફટકારી દીધી છે. માહિતી અનુસાર મોડી રાતે અચાનક જ પ્રચંડ ધડાકો થતાં સમગ્ર વિસ્તાર હચમચી ગયો હતો અને જાણે કોઈ મોટો ભૂકંપ આવ્યો હોય તે રીતે ધરા ધ્રૂજી ગઈ હતી. લગભગ આજુબાજુના ૧૫ કિ.મી. જેટલા વિસ્તારમાં આ ધડાકાનો અવાજ સંભળાયો હતો. લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા.

સુરતના ભેસ્તાન ભગવતી ઇન્ડસ્ટ્રીઝ પાર્કમાં મોટી દુર્ઘટના, પાણી ભરેલા ખાડામાં પડતાં ૨ અને ૩ વર્ષના ભાઈ-બહેનનું મોત



સુરતના ભેસ્તાનમાં ભગવતી ઈન્ડસ્ટ્રીઝ પાર્કમાં નિર્માણાધીન સાઈટ પર શુક્રવારે કરુણ ઘટના બની. લિફ્ટ માટે ખોદેલા પાણી ભરેલા ખાડામાં રમતા ૩ વર્ષનો અલ્કેશ અને ૨ વર્ષની રીટા નામના શ્રમિક પરિવારના બાળકો ડૂબી ગયા. માતા-પિતા મજૂરીકામમાં વ્યસ્ત હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ. બંનેને હોસ્પિટલ લઈ જવાતા મૃત જાહેર કરાયા. ભેસ્તાન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલા ભગવતી ઈન્ડસ્ટ્રીઝ પાર્કમાં નિર્માણાધીન સાઈટ પર રમી રહેલા શ્રમિક પરિવારના બે બાળકો લિફ્ટ માટે ખોદવામાં આવેલા પાણીથી ભરેલા ખાડામાં ખાબક્યા હતા. પાણીમાં ડૂબી જવાથી ૩ વર્ષના બાળક અને ૨ વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.
મળતી માહિતી અનુસાર, ભેસ્તાન સ્થિત ભગવતી ઈન્ડસ્ટ્રીઝ પાર્કના પ્લોટ નંબર ૪૧ થી ૪૩માં બાંધકામની કામગીરી ચાલી રહી છે. અહીં શુક્રવારે (૧૬મી ઓક્ટોબર) શ્રમિક પરિવાર મજૂરીકામ કરી રહ્યો હતો. સાંજના સમયે માતા-પિતા સાઈટ પર કામમાં વ્યસ્ત હતા, આ દરમિયાન તેનો ૩ વર્ષીય પુત્ર અલ્કેશ કટારા અને ૨ વર્ષીય પુત્રી રીટા કટારા નજીકમાં રમી રહ્યા હતા.રમતાં રમતાં બંને બાળકો સાઈટ પર લિફ્ટ ઈન્સ્ટોલ કરવા માટે ખોદવામાં આવેલા મોટા ઊંડા ખાડા પાસે પહોંચી ગયા હતા, જેમાં પાણી ભરાયેલું હતું. અંધારા કે અસંતુલનને કારણે બંને બાળકો અચાનક આ પાણી ભરેલા ખાડામાં ખાબક્યા હતા. ઘણો સમય સુધી બાળકો ન દેખાતાં પરિવારે શોધખોળ શરૂ કરી હતી, જ્યાં આખરે લિફ્ટના ખાડામાંથી મળી આવ્યા હતા.ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા



અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ માટે ઉદ્યોગો શિફ્ટ કરાશે! નાના એકમો ઠપ થવાનો ભય, લાખો બેરોજગાર બનશે



અમદાવાદમાં ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પૂર્વે વાયુ પ્રદૂષણ ઘટાડવા નરોડા, વટવા, ઓઢવના ઔદ્યોગિક એકમોને ખેડા કે શહેર બહાર ખસેડવાની ચર્ચા છે. આ નિર્ણયથી નાના-મધ્યમ ઉદ્યોગોને કરોડોનું નુકસાન થશે અને ૨૦ લાખ લોકો બેરોજગાર બનશે. ઉદ્યોગો શિફ્ટિંગના બદલે ગેમ્સ દરમિયાન ૨ મહિના બંધ રાખવા તૈયાર છે. આ પાછળ બિલ્ડર લોબીને ઊંચી જમીન સોંપવાનો આશય હોવાની આશંકા છે. અમદાવાદ ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ પૂર્વે શહેરની હવા ગુણવત્તા (ક્વૉલિટી ઑફ એર) સુધારવા અને પ્રદૂષણ નિયંત્રણમાં લાવવાના હેતુસર નરોડા, વટવા અને ઓઢવ જેવા પ્રમુખ ઔદ્યોગિક વિસ્તારોના એકમોને ખેડા અથવા શહેરની બહારના વિસ્તારોમાં રિલોકેટ કરવા બાબતે ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. તંત્ર દ્વારા આ પ્રકારે મોકલવામાં આવી રહેલા મેસેજોના અમલથી અમદાવાદના નાના અને સૂક્ષ્મ એકમો બંધ પડી જવાની, મધ્યમ કદના ઉદ્યોગોની કમર તૂટી જવાની અને લાખો લોકો બેરોજગાર બનવાનો ડર છે.આ ઔદ્યોગિક એકમોએ શિફ્ટિંગના કિસ્સામાં નવો પ્લાન્ટ ઊભો કરવા માટે કરોડો રૂપિયાનું નવું મૂડીરોકાણ, જમીન સંપાદન ખર્ચ, જૂના મશીનરીના ડિસ્મેન્ટલિંગ (ઉખાડવા) તથા શિફ્ટિંગનો ખર્ચ, તેમજ પ્રોડક્શન સાયકલ બંધ રહેવાને કારણે થતું કરોડો રૂપિયાનું દૈનિક ટર્નઓવરનું નુકસાન વેઠવાનું આવતા ઉદ્યોગોની કમર તોડી નાખશે. અમદાવાદની નરોડા, વટવા અને ઓઢવ જીઆઈડીસીએ રાજ્યના કેમિકલ, ટેક્સટાઈલ, અને એન્જિનિયરિંગ ઉદ્યોગોનું મુખ્ય કેન્દ્ર છે, જ્યાં લાખો શ્રમિકો પોતાની આજીવિકા મેળવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોના એકમોને ખસેડવામાં આવે તો તેની સીધી કામદારોની રોજગારી પર પડશે. અંદાજે ૩થી ૪ લાખથી વધુ કામદારો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ધોરણે રોજગારી મેળવી રહ્યા છે.આ શિફ્ટિંગ કવાયતના કારણો ચાર જીઆઈડીસીની સીધી રોજગારી મેળવતા અંદાજે ૩.૨૭ લાખથી વધુ કામદારોને તેમના પરિવાર સાથે અમદાવાદ શહેર છોડીને ખેડા કે અન્ય દૂરના અંતરિયાળ વિસ્તારમાં શિફ્ટ થવાની ફરજ પડી શકે છે. આ ઉપરાંત દરેકના પરિવારના સરેરાશ પાંચ સભ્ય ગણવામાં આવે તો અંદાજે ૧૬ લાખથી અને આડકતરી રોજગારી મેળવનારા એક લાખ લોકોના પરિવારના સભ્ય મળીને કુલ ૨૦ લાખ લોકોએ સ્થળાંતર કરવું પડી શકે છે. આ કામદારોનું સ્થળાંતર થવાથી તેમના પરિવાર અને સામાજિક જીવન પર ઘેરી નકારાત્મક અસરો પડશે. કામદારોના બાળકોનું શિક્ષણ બગડશે. સત્રની વચ્ચે શાળા-કોલેજો બદલવી મુશ્કેલ બનશે. ઉપરાંત, નવા વિસ્તારોમાં રહેઠાણ, આરોગ્ય સુવિધાઓ અને અન્ય મૂળભૂત સગવડો ઊભી કરવી પડકારજનક બનશે.કાયમી શિફ્ટિંગની જટિલ કવાયતના બદલે જો કોમનવેલ્થ ગેમ્સના બે મહિનાથી જ ઔદ્યોગિક એકમોને કામચલાઉ ધોરણે બંધ રાખવાની સૂચના આપવામાં આવે, તો તે એક અત્યંત વ્યવહારુ, સસ્તો અને યોગ્ય વિકલ્પ બની શકે છે. દિલ્હીમાં ભાજપની જ સરકારે શાળામાં પોલ્યુશનને નિયંત્રણમાં રાખવા માટે ૪૨ દિવસ માટે બાંધકામના અને જૂના બાંધકામ તોડવાની પ્રવૃત્તિ પર પ્રતિબંધ કરી દીધી છે. આ સ્થિતિમાં બધી ત્રણ મહિના માટે અમદાવાદના તમામ જીઆઈડીસીના એકમોને તેમના એકમો બંધ રાખવાની ફરજ પાડી શકાય છે. બે મહિનાના બંધના સમયગાળાના કામદારોને સંપૂર્ણ પગાર ચૂકવવાનો આ થક બોજ ઉઠાવી લેવા ઉદ્યોગો તૈયાર થશે. બે માસના કામચલાઉ બંધના ગાળા દરમિયાન ઉદ્યોગપતિઓ તેમના કામદારોને સંપૂર્ણ પગાર આપવા પણ તૈયાર થશે. નવા સ્થાને ફેક્ટરી શિફ્ટ કરવાના અબજો રૂપિયાના ખર્ચ અને કાયમી નુકસાનની તુલનામાં ખૂબ જ ઓછો હશે.

તંત્રી લેખ

દિવાળી સુધી રૂ. ૭ લાખ કરોડથી વધુ ટર્નઓવરનો અંદાજ

આ વર્ષે, નવરાત્રીથી દિવાળી સુધી દેશભરમાં ઉત્સવો દરમિયાન વિવિધ વ્યવસાયોનું વ્યાપાર ટર્નઓવર રૂ. ૭ લાખ કરોડથી વધુ થવાનો અંદાજ છે, જે ગયા વર્ષના રેકોર્ડ વ્યવસાયની તુલનામાં આશરે ૧૫-૧૮ ટકાનો વધારો દર્શાવે છે. ગયા વર્ષે, દિવાળીમાં આશરે રૂ. ૬.૦૫ લાખ કરોડનો રેકોર્ડ વ્યવસાય જોવા મળ્યો હતો. નવરાત્રી પછી દુર્ગા પૂજા, દશેરા, કરવા ચોથ, ધનતેરસ, દિવાળી, ગોવર્ધન પૂજા, ભૈયાબીજ, છઠ પૂજા, ગુરુ નાનક જયંતિ અને તુલસી વિવાહ દેશભરમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે.કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ગયા વર્ષે દિવાળી ઉજવણીમાં આશરે રૂ. ૬.૦૫ લાખ કરોડનો રેકોર્ડ વેપાર થયો હતો, જેમાં આશરે રૂ. ૫.૪૦ લાખ કરોડનો માલસામાનનો વેપાર અને રૂ. ૬૫,૦૦૦ કરોડનો સેવાઓનો વેપાર સામેલ છે. આ વર્ષે, તહેવારોની મોસમના વિસ્તરણ સાથે, વેપાર રૂ. ૭ લાખ કરોડથી વધુ થવાની ધારણા છે.એક અંદાજ મુજબ, નવરાત્રીથી દિવાળી સુધીના અંદાજિત તહેવારોના વ્યવસાયમાં મુખ્ય ક્ષેત્રોનો હિસ્સો નીચે મુજબ હોવાનો અંદાજ છે. જેમાં કરિયાણા અને એફએમસીજી ૧૨%, સોનું, ચાંદી અને ઘરેણાં ૧૦%, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિકલ્સ ૮%, ગ્રાહક ટકાઉ વસ્તુઓ ૭%, તૈયાર વસ્ત્રો ૭%, ભેટ વસ્તુઓ ૭%, ગૃહ સજાવટ ૫%, ફર્નિચર અને ફર્નિશિંગ ૫%, મીઠાઈઓ અને નાસ્તા ૫%, કાપડ અને કાપડ ૪%, પૂજા વસ્તુઓ ૩%, ફળો અને સૂકા ફળો ૩%, બેકરી અને કન્ફેક્શનરી ૩%, ફૂટવેર ૨%, અને અન્ય માલસામાન અને સંબંધિત વ્યવસાયોનો ૧૯ ટકા હિસ્સો રહેવાનો અંદાજ છે.આ વર્ષે, તહેવારોના આર્થતંત્રમાં સેવા ક્ષેત્રની ભૂમિકા વાધુ મહત્વપૂર્ણ રહેશે. નવરાત્રિ અને દિવાળી દરમિયાન, પરિવહન, લોજિસ્ટિક્સ, ઈ-કોમર્સ ડિલિવરી, પેકેજિંગ, વેરહાઉસિંગ, હોટલ, રેસ્ટોરન્ટ, પર્યટન, કેટરિંગ, તંબુ અને સજાવટ, લાઇટિંગ, ઇવેન્ટ મેનેજમેન્ટ, કેબ અને સ્થાનિક પરિવહન સહિત અનેક સેવાઓની માંગ મજબૂત રહેવાની ધારણા છે.

અરવલ્લી જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રોનું ઉદ્ઘાટનઃ માત્ર ૫ રૂપિયામાં સંપૂર્ણ ભોજન



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રમોસ ખાતે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. માનનીય સાંસદશ્રી શોભનાબેન બારૈયાની પ્રેરક ઉપસ્થિતિમાં આ કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું. આ પ્રસંગે બાયડમાં માનનીય જિલ્લા પ્રમુખશ્રી મયુર પટેલ ના હસ્તે તથા નગરપાલિકા મોડાસા ખાતે માનનીય ધારાસભ્યશ્રી ભીખુસિંહજી પરમારના હસ્તે પણ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

ગુજરાત સરકારશ્રી દ્વારા શ્રમિકો માટે સંપૂર્ણ ભોજન મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કેન્દ્રોમાં શ્રમિકોને માત્ર ૫ રૂપિયામાં પૂર્ણ અને પોષણયુક્ત ભોજન મળશે. આથી શ્રમિકોની આર્થિક બોજ ઘટશે અને તેઓ વધુ ઉત્સાહથી કાર્ય કરી શકશે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આવા કેન્દ્રોની સ્થાપના થવાથી હજારો શ્રમિકોને સીધો લાભ મળશે.

આ પ્રસંગે સાંસદશ્રી શોભનાબેન બારૈયાએ જણાવ્યું કે, ગુજરાત સરકાર હંમેશા શ્રમિકોના કલ્યાણ માટે સમર્પિત છે. શ્રમિકો રાજ્યની આર્થિક પ્રગતિના મૂળ આધાર છે. તેમને માત્ર પાંચ રૂપિયામાં સારું અને પૂરતું ભોજન મળે તે માટે અન્નપૂર્ણા કેન્દ્રોની શરૂઆત એક મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી પગલું છે. તેમણે ઉમેર્યું કે આ કેન્દ્રો માત્ર ભોજન આપવા પૂરતા નથી, પરંતુ શ્રમિકોને સન્માન અને સુરક્ષાની ભાવના પણ આપે છે. સરકારની આ યોજના દ્વારા શ્રમિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવશે અને તેઓ વધુ સારી રીતે પોતાના પરિવારનું પાલનપોષણ કરી શકશે.ધારાસભ્યશ્રી ભીખુસિંહજી પરમારે પણ આ ઉદ્ઘાટન પ્રસંગે હાજરી આપી અને કહ્યું કે મોડાસા અને આસપાસના વિસ્તારોના શ્રમિકો માટે આ કેન્દ્ર ખૂબ જ ઉપયોગી સાબિત થશે. માત્ર ૫ રૂપિયામાં ભોજન મળવાથી શ્રમિકોને મોટી રાહત થશે. તેમણે સરકારને આવી યોજનાઓ વધુ વિસ્તારવા માટે અનુરોધ કર્યો.બાયડમાં ઉદ્ઘાટન કરનાર માનનીય પ્રમુખશ્રીએ જણાવ્યું કે શ્રમિકોના કલ્યાણ માટે સરકારના પ્રયાસો વખાણવા લાયક છે. આ કેન્દ્રો દ્વારા સ્થાનિક શ્રમિકોને રોજિંદા ભોજનની ચિંતા મુક્ત થશે અને તેઓ પોતાના કામ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગોએ આ કેન્દ્રોની સુવ્યવસ્થિત રીતે કામગીરી શરૂ કરવા માટે જરૂરી વ્યવસ્થા કરી છે. ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. આ ઉદ્ઘાટન પ્રસંગે સ્થાનિક નેતાઓ, વહીવટી અધિકારીઓ, શ્રમિક પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા. તમામે સરકારની આ યોજનાનું સ્વાગત કર્યું અને તેને શ્રમિકોના જીવનમાં સુધારો લાવનારી મહત્વપૂર્ણ પહેલ ગણાવી.

ગુજરાત સરકારની આ પહેલ દ્વારા અરવલ્લી જિલ્લાના શ્રમિકોને સીધો લાભ મળશે અને રાજ્યમાં શ્રમિક કલ્યાણની દિશામાં એક નવું પગલું સાબિત થશે. સરકાર આવી યોજનાઓને વધુ વિસ્તારીને તમામ જિલ્લાઓમાં લાગુ કરવાની દિશામાં કાર્યરત છે, જેથી દરેક શ્રમિકને માત્ર ૫ રૂપિયામાં સંપૂર્ણ ભોજનની સુવિધા મળી રહે.



સ્પેશિયલ ચાઈલ્ડ સાથે સોસાયટી ના સભ્યો નવરાત્રિ નો આનંદ માણતા, સ્વાગત એફોર્ડ,સરગાસણ,ગાંધીનગર

શક્તિ આરાધનાના મહાપર્વ 'નવરાત્રી' મહોત્સવનું ભવ્ય આયોજન



દહેગામના વેદ બંગલોઝમાં આ વર્ષે આધ્યશક્તિની આરાધનાના પવિત્ર પર્વ શારદીય નવરાત્રી મહોત્સવનું ખૂબ જ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનનો મુખ્ય હેતુ આપણી ભવ્ય સાંસ્કૃતિક વિરાસત અને ગરબાની પરંપરા જાળવી રાખવાનો છે.

આ નવરાત્રી મહોત્સવમાં દરરોજ રાત્રે આધ્યશક્તિની પૂજા-અર્ચના-આરતી-સ્તુતિ ત્યારબાદ પરંપરાગત રાસ-ગરબાની રમઝટ જામે છે. જેમાં તા. ૧૪-૧૦-૨૬ ના રોજ વેદ બંગલોઝ સોસાયટીની બહેનો દ્વારા પ્રાચીન ગરબા રજૂ કરવામાં આવ્યા હતા. પરંપરાગત વેશભૂષામાં ગરબા ગાતી મહિલાઓએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. આધ્યશક્તિના પર્વની ઉજવણીમાં ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનો અદ્ભુત સંગમ જોવા મળ્યો અને આ પ્રાચીન ગરબાએ આબાલવૃદ્ધ સૌનાં મનને હરી લીધું હતું.

નિધરાડ પ્રાથમિક શાળાના આચાર્ય, ધર્મેશભાઈ પટેલના પ્રયાસથી આજ રોજ પ્રાર્થના સભામાં અમે તો ખૂબ જાણ્યું.કાર્યક્રમ કરવામાં આવેલ



" અમેતોખૂબજાણ્યું " અંતર્ગત, હસતાં રમતાં જાણીએનો જાદુઈ પ્રયોગો કરવામાં આવ્યા. કઠપૂતળીના માધ્યમથી, પોતે બનાવેલ શૈક્ષણિક સહઅભ્યાસિક સાહિત્ય, હસતાં રમતાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓનો પરીચય કરાવેલ. વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા જાગૃતિ, નાણાંનું મૂલ્ય, વિવિધ સાપની માહિતી સાથે, બાળકો સામે કઠપૂતળી અને અભિનય કલાથી રસપૂર્વક રજૂઆત કરી. શારીરિક અને માનસિક પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં નવી ઉર્જા શક્તિનો સંચય કર્યો. તમામ બાળકો ખૂબ પ્રફુલિત થઈ આ આખા કાર્યક્રમમાં ઉત્સાહથી સામેલ થયા. આનંદદાયક હાસ્ય, સામાન્ય જ્ઞાન, વિવિધ શૈક્ષણિક સાહિત્ય, કન્યા કેળવણી અને સશક્તિ કારણના કાર્યક્રમો સાથે, બાળકોના સર્વાંગી વિકાસ અર્થે તેઓએ પોતાની આગવી કલા, સૂઝબૂઝથી રજૂ કરી, બાળકોને ખૂબ જ સરળ આનંદદાયક રીતે રસપ્રદ શિક્ષણ આપ્યું. તેમની આગવી શિક્ષણ પદ્ધતિ અને પ્રસ્તુતિથી બાળકોને ખૂબ જાણવા અને માણવા મળ્યું. ઉત્સાહ, જિજ્ઞાસા અને શીખવાની ભાવના વધુ પ્રબળ બની. શિક્ષણને માત્ર પુસ્તક પૂરતું મર્યાદિત ન રાખી, રમત, મનોરંજન અને પર્યાવરણ પ્રવૃત્તિ દ્વારા બાળકોને શીખવવાનો તેમનો અનોખો પ્રયાસ, ખરેખર પ્રશંસનીય અને પ્રેરણાદાયી રહ્યો. બાળકોના ચહેરા પરનો આનંદ અને તેમની સક્રિય ભાગીદારીથી, આ કાર્યક્રમ દ્વારા બાળકોને આનંદ સાથે શિક્ષણ આપ્યું અને શાળાના શિક્ષકોને પણ નવીન શિક્ષણ પદ્ધતિઓ માટે પ્રેરણા આપી. આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકોએ ખૂબ સુંદર વ્યવસ્થા કરીને સહકાર આપેલ શાળાના બાળકોને શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું.બી.આર.સી.કોર્ડિનેટર, કોમલબેન પટેલ અને શાળા વ્યવસ્થાપન કમિટી તરફથી ખૂબ આવકાર પ્રાપ્ત થયેલ.

ચામુંડા કૃપા સોસાયટીમાં નવરાત્રી મહોત્સવની ધામધૂમ, ગલી નં. ૬ દ્વારા મહાઆરતી સંપન્ન



ધાનેરા તા. ૧૬ - ચામુંડા કૃપા સોસાયટી, ધાનેરા ખાતે ચાલી રહેલા નવરાત્રી મહોત્સવ અંતર્ગત દરરોજ રાત્રે ૯ કલાકે માં જગદંબાની મહાઆરતીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આજની આરતીના લાભાર્થી ગલી નં. ૬ ના પરિવારો હત ગરબા આયોજક મંડળના સભ્ય શ્રી મોડસિંહ રાવ તથા પીયૂષભાઈ જોશી તથા તેમની સમગ્ર કમિટી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ભારતીય રક્ષા સંસ્કૃતિ મંચ દ્વારા માતાજીનો ફોટો અર્પણ કરવામાં આવ્યો હતો અને પર્યાવરણના જતન માટે પ્લાસ્ટિક મુક્તિના શપથ લેવડાવવામાં આવ્ય હતા.મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી માં અંબાની આરતી કરી ધન્યતા અનુભવી હતી. આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું કે માં જગદંબા સૌની મનોકામના પૂર્ણ કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

ભવન્સ કોલેજ, ડાકોરમાં 'નવરાત્રી મહોત્સવ 'ની ઉજવણી કરવામાં આવી



ભારતીય વિધાભવન ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત ભવન્સ શ્રી ઈશ્વરલાલ.એલ.પી. આટ્સ-સાયન્સ એન્ડ જે.શાહ કોમસ કોલેજમાં નવરાત્રીની ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં ભારતીય વિધાભવન ડાકોર કેન્દ્રના માનદ મંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધી, કોલેજના કા.આચાર્ય ડો.સહજ.એ. ગાંધી, કોલેજના ઉપાચાર્ય ડૉ.એ.કે.ચૌધરી,ઊછઝ કો-ઓડિનેટર ડો. આઈ. એન. પટેલ, કલ્ચરલ કમિટી કન્વીનર ડો.આર.બી.વાઘેલા, અનુસ્નાતક વિભાગના પી.જી. ઈન્ચાર્જ ડૉ.વી.એચ.પટેલે હાજર રહી ,માતાજીની આરતીમાં ભાગ લઈ,વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા ૭ આરતીઓનું સુંદર ડેકોરેશન કરવામાં આવ્યું હતું.માતાજીના ગરબામાં યુ.જી અને પી.જીના વિધાર્થીઓએ મોટી સંખ્યામાં તથા કોલેજના અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ કાર્યક્રમ માટે સંચાલક મંડળના તમામ સભ્યોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલમાં આદ્યશક્તિની આરાધનાના પર્વની ભવ્ય ઉજવણી

શ્રી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલમાં આદ્યશક્તિની આરાધનાના પાવન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧૦૮ દીવડાની આરતી ઉતારી માં જગદંબાની પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ ગરબાની રમઝટમાં જોડાયા



હતા.આ કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, કર્મચારીગણ, મોડાસા કેળવણી મંડળના પ્રમુખશ્રી બિપીનભાઈ શાહ તથા સર્વે હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખશ્રી, હોદ્દેદારશ્રીઓ અને આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને લહાણી આપી પ્રોત્સાહિત કર્યા હતા.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No :102.
વિષય :-નવરાત્રી શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો.
પ્રકાર :-ગદ્ય. શબ્દ:-૩૦૦.

ભારત દેશમાં દર વર્ષે અનેક તહેવારો આવે છે અને તેમાં પણ નવરાત્રી એ શ્રદ્ધાના દિપથી પ્રજ્વલિત સંસ્કૃતિના વારસાનો દિવસ છે.

આ વર્ષે નવરાત્રી તારીખ ૧૧/૧૦/૨૦૨૬ રવિવારથી શરૂ થઈતારીખ૨૧/૧૦/૨૦૨૬ બુધવારના દિવસે દશેરા આવશે.

નવરાત્રી ના નવ દિવસ સુધી ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ તેમજ અન્ય રાજ્યોમાં આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. મોટા મોટા મંડપો, પંડાલો, લાઈટિંગ, મોટા મોટા મેદાનોમાં સ્ત્રી પુરુષો રાસ ગરબા નૃત્ય કરે છે માતાજીના ગુણ ગાન ગાય.
રંગબેરંગી વસ્ત્રો અને સુંદર પોશાકોમાં પોતાના દેહની કલાનું પ્રદર્શન કરે છે. કલાકોના કલાક સુધી માતાજીના ગરબા અને રાસ ગાતા થાકતા નથી.

જ્યારે શુંભ, નિશુંભ, મહિસાશૂર,
રક્તબીજ જેવા અનેક દૈત્યના આક્રમણ આ પૃથ્વી ઉપર વધી ગયા ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે પોતાના તેજથી એક માતાજીનું સ્વરૂપ ઉત્પન કર્યું અને તેને બધા દેવતાઓએ પોતપોતાના આયુદ્ધો આપ્યા. આમ શક્તિશાળી માતાનું પ્રાગટ્ય થયું. તેણે નવ પ્રકારના રૂપો ધાર્યા અને માતાજીએ અસુરોની સામે ખૂબ લડાઈ કરી અને તેનો સંહાર કરી અને આ દુનિયામાં સુખ અને શાંતિ સ્થાપી તેના સન્માનમાં આપણે આ તહેવાર હજાર વર્ષોથી ઉજવ્યા છીએ.

નવરાત્રીના આ નવ દિવસો દરમિયાન ગામે ગામ માતાજીના મંદિરોમાં માતાજીની ગરબી, પૂજા પાઠ વગેરે થાય છે દરેક કુળદેવી દરેક કુટુંબના અલગ અલગ હોય છે અને તેઓ પોતાના કુટુંબના કુળદેવીને સવારથી રાત્રિ સુધી જુદી જુદી રીતે પૂજા પાઠ કરે છે શાસ્ત્રોક્ત વિધિથી માતાજીની પૂજાપાઠ કરે, વસ્ત્રાલકાર સમયસર અલગ-અલગ પ્રકારના ભોજનો માતાજીના પીરસવામાં આવે છે. કે જ્ઞાતિના જે કોઈ લોકો હોય તે પોતાની કુળદેવીના સ્થાને જઈ અને સાથે ભોજન કરે છે રાસ ગરબા રમે છે અને માતાજીના ગુણગાન ગાય છે.

ઘણા લોકો નવરાત્રી દરમિયાન એકટાણા કે ઉપવાસ પણ કરે છે મંત્ર જાપ, પૂજાપાઠ ચંડીપાઠ કરે છે. નોરતાના નવ દિવસ સુધી આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળે છે.

દશેરાના દિવસે વિજયાદશમીનો તહેવાર ઉજવવામાં આવેછે.રામચંદ્રજીએ રાવણ સાથે યુદ્ધ કરી અને તેનો સંહાર કર્યો હતો અને સાથે દેશ ઘણા ભાગોમાં રાવણના પુતળાનું દહન પણ કરવામાં આવે છે, તે જ રાત્રે મોડી સુધી રાસ ગરબા લઈ અને લોકો ગરબાનું વિસર્જન કરે છે.

હે અંબા મા જગતજનની આદ્યશક્તિ નવદુર્ગા આપ ફરી પાછા આવતા વર્ષે વહેલા સર અમને આશીર્વાદ આપવા પધારજો તેવી ભાવનાથી ગરબાનું વિસર્જન થાય છે.
રતીલાલ વાયડા (રોડપાલી, નવી મુંબઈ.

★★★★★★★

NOG SS NO : 408
વિષય--નવરાત્રી શ્રધ્ધા ના દીપ થી પ્જવલિત સંસ્કૃતિ નો વારસો
શીર્ષક-- "શકિત આરાધના નો મહાપર્વ: નવરાત્રી"
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૪૫

નવરાત્રી એટલે શકિત ની ઉપાસના ને , આસો માસ ની શરદ ઋતુ ના પ્રારંભે ઉજવાતો આ મહા ઉત્સવ છે.જેમાં મુખ્યત્વે આર્ધશકિત મા અંબા અને તેના નવ સ્વરૂપો ની ઉપાસના ભકિતમય વાતાવરણ માં કરવા માં આવે છે.

"નવલી નવરાત આવી મંગલ બેલા આવી". મા નો ગરબો ઝાકમઝોળ બની ને ધૂમતો ધૂમતો ધરા પર આવી પહોંચ્યો છે ને કુમકુમ કેરા પગલે માડી ને ગરબા રમવા માટે ભાવભીનું આમંત્રણ અપાઈ ગયું છે.

ગુજરાત ની સાથે સાથે ભારત ના અન્ય પ્રાંત માં પણ આ તહેવાર ને મનાવવા માં આવે છે. ગરબા ની તાલી ઓ ના ધબકાર સમગ્ર વાતાવરણ ને ભકિતમય અને ઉર્જામય બનાવે છે. લોકો મતભેદ, મનભેદ બધું ભૂલી ને સાંસ્કૃતિક ધરોહર ને સાચવે છે.

માતાજી ની ઘટ સ્થાપના થી લઈ ને જવારા વાવવા , તેને નવ દિવસ સુધી અંકુરિત કરવા અને અખંડ જ્યોત પ્રગટાવી ને પૂજા-આરતી કરવા માં આવે છે.ગરબો શબ્દ ગર્ભદીપ પર થી આવ્યો છે.

આ પર્વ આંતરિક શુદ્ધિ,ભકિત અને ઉર્જા ના જાગરણ નો પર્વ છે. મહિષાસુર મર્દન એ આપણા માં રહેલા દુર્ગુણો ના રાક્ષસો ના પતન નું પ્રતીક છે,ને આપણે અંદર ની નકારાત્મકતા પર વિજય મેળવવો જોઈએ.

વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક દ્રષ્ટિ એ માટી નો ઘડો એ માનવ શરીર છે. અને એની અંદર પ્રગટતો દીપક એ આપણો આત્મા છે, તેમા આપણે વિશ્વાસ,દયા,લાગણીઓ ના દીપક પ્રગટાવવા જોઈએ. શકિત ની આરાધના ને માતાજી ને વચ્ચે સ્થાપિત કરી ગોળાકાર મા ફરવું તે દર્શાવે કે આપણું સમગ્ર જીવન મા ને આધીન છે.

તાળીઓ ના તાલે ઝૂમવા થી શારિરીક કસરત પણ થાય છે . રાત્રિ સમયે બ્રહ્માંડ માં થી આવતી સકારાત્મક તરંગો થી શરીર અને મન સ્વસ્થ થાય છે.

સામાજિક દ્રષ્ટિકોણ થી જોઈએ તો સ્ત્રી પુરુષ બધા સાથે કોઈ પણ ભેદભાવ વગર એક સાથે ગરબા ઘૂમે છે.સંસ્કૃતિ સાથે સંસ્કારો ને જોડવાનું સર્વોત્તમ માધ્યમ ગરબા છે.

મન અને તન નું શુદ્ધિ કરણ કરવાનો આ મહાન પર્વ છે. મા ની આરાધના દ્વારા આપણી
અંતરાત્મા ને જગાડવા નો , દૈવીય શકિત ઓ ને મહસૂસ કરવા નો તેને આત્મસાત કરવા ના તહેવાર ને મન ભરી ને માણવો જોઈએ "

પારુલ શાહ-બ્રેમ્પટન (કેનેડા)

★★★★★★★

NO G SSN 0089
વિષય શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક સંસ્કૃતિનો અમર વારસો
ગદ્ય શબ્દો ૧૫૫

સદીઓ પુરાણી આપણી સંસ્કૃતિ આજે પણ ઝળહળે છે. તેને જરા પણ ઝાંખપ આવી નથી. આપણી સંસ્કૃતિ માત્ર ઉત્સવો પૂરતી મર્યાદિત નથી.આપણા આધ્યાત્મિક વિચારો, સાધના અને વેદોનો વારસો આજે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં સક્ષમ છે.

ગૌરવ સાથે કહીશ કે ૨૧મી સદીમાં દુનિયાનો કોઈ પણ દેશ આપણી સામે ટકી ન શકે. જેમાં હાલમાં ચાલી રહેલી નવરાત્રી પ્રથમ સ્થાને છે. નવ દિવસ માતાનું આહવાન અને પૂજન ભક્તિભાવથી વાતાવરણ મહેકી ઊઠે છે. તેની ઉજવણી અદ્વિતિય છે. અંબા માતા, શારદા માતા, કાલી માતાની આરાધનામાં લીન થઈ જ્યારે નારી વૃંદ ગરબા લે છે ત્યારે સ્વર્ગની અપ્સરા પણ ઝાંખી પડે છે.

કોઈપણ તહેવાર કરતા આ તહેવાર લાંબો ચાલે છે. તેમાં નાના મોટા, અબાલ વૃદ્ધ સહુ સાથે આનંદ મેળવે છે. 'ગીતામાં' કૃષ્ણ ભગવાન કહે છે, આત્માને અગ્નિ બાળી ન શકે,પાણી પલાળી ન શકે, પવન ઉડાડી ના શકે, શસ્ત્ર તેને હણી ન શકે. સનાતન સત્ય આપણિ સંસ્કૃતિ સરલ ભાષામાં જણાવે છે.આરાધન , વ્રત અને અહોભાવથી ઉજવાતો આ તહેવાર પ્રસંશનીય છે.
પ્રવિણા કડકિઆ

★★★★★★★

NOG SS 223
વિષય:શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક:શ્રધ્ધાદીપ થી પામો આત્મપ્રકાશ
પ્રકાર:પદ્ય
શબ્દ સંખ્યા:૧૧૦

આવ્યા નવરાત્રીના નોરતાં અંધારી રાતે રે પ્રગટે માડી તારા દીપ,
સકલ બ્રહ્માંડ પ્રતીક સમ ગરબો રે ગરબે પ્રગટે પરમજયોતદીપ.

નવદ્વારની નગરીમાં વસેલોજીવ નવરાત્રીની ભક્તિ થી પામે એ મુક્તિ,
ભોળાભાવે સહજ સ્વભાવે ભજીએ રે ચિત્તશકિત પરમેશ્વરી શિવાશક્તિ.

યુગોથી સનાતન સંસ્કૃતિનો વારસો નવરાત્રી મહોત્સવ વિશ્વ પ્રખ્યાત,
ભાવિક ભક્તોની શ્રધ્ધાનો દીપ છે ગરબો પ્રેમળ જ્યોત અખંડ ગરબો.

નવરાત્રી છે સાધના મૂળાધારથી સ્હસ્ત્રાધારની સ્વદર્શનથી સર્વેશ્વરી કૃપા ની,
લખચોરાશીમાં ભટકતા જીવને શિવત્વ પમાડે શિવાશક્તિ મહેશ્વરી.

કલિયુગે પ્રગટતા રાક્ષસો મહિષાસુરનો સંહાર કરતી મહાકાળી,
નામરૂપ-ક્ષણોના આ સંસારે સદા શાશ્વતી અમૃતમયીમાં આનંદમયી.

- દેવેન્દ્ર આચાર્ય (અમદાવાદ)

કળયુગમાં મેનકાનું નૃત્યઃ બ્રહ્મચારી ઋષિનું તપોભંગ કે, ભ્રમ!? (સંત સુરા)

પુરાણ કથા છે. વિશ્વામિત્ર રાજા હતા, પછી ઋષિ બન્યા. એવી કઠોર તપસ્યા કરી કે ઇન્દ્રનું સિંહાસન ડોલવા લાગ્યું. તપસ્યા તોડવા ઇન્દ્રએ અપ્સરા મેનકાને મોકલી. મેનકા નૃત્યમાં પારંગત, રૂપમાં અદ્વિતીય. ઘુંઘરું વાગ્યું, રૂપની માયા ફેલાઈ અને વર્ષોનું તપ ભંગ થયું.

આ કથા સામાન્ય નથી. આ મનુષ્યના મનની કથા છે.

પહેલાના યુગમાં તપસ્યા તોડવા મેનકાને ધરતી પર આવવું પડતું. કળયુગમાં આવવું પડતું નથી. તે મોબાઈલના પડદા પર, ઇન્સ્ટાગ્રામની રીલમાં, એકાંતના અંધારામાં નૃત્ય કરે છે.

આજના યુવાનને તપસ્યા શું? વિદ્યાર્થીની તપસ્યા અભ્યાસ છે, વેપારીની તપસ્યા પ્રમાણિકતા છે, બ્રહ્મચારીની તપસ્યા સંયમ છે. અને આ તપસ્યા જ્યારે ચાલતી હોય ત્યારે જ મેનકા આવે છે.

શાસ્ત્ર કહે છે — બ્રહ્મચર્ય એટલે માત્ર શરીરનો સંયમ નથી, મનનો સંયમ છે. શરીરને બાંધવું સહેલું છે, મનને બાંધવું અઘરું છે.

કળયુગમાં બ્રહ્મચારીનો સૌથી મોટો ભ્રમ એ છે કે — "હું પાક્કો છું, મ્હારાથી કંઈ નહીં થાય."! આ ભ્રમ જ ભંગનું કારણ બને છે. પોતાની શક્તિનો અહંકાર, પોતાના સંયમનો અહંકાર!.

મેનકા આ ભ્રમને ચાર રીતે તોડે છે.

પહેલી — નેત્રની મેનકા. આંખથી જે જોવાય છે. શાસ્ત્રમાં કહ્યું છે — દૃષ્ટિ જ સૃષ્ટિ બનાવે છે. ખોટું જોવાથી મન ખોટું થાય છે.

બીજી — મનની મેનકા. એકલા બેઠા માણસના મનમાં જે કલ્પના ચાલે છે. બહાર કોઈ નથી હોતું, પણ મનમાં જ નૃત્ય ચાલતું હોય છે.

ત્રીજી — સંગની મેનકા. ખોટા મિત્રો, ખોટું વાતાવરણ, ખોટી વાતો.

ચોથી — પ્રસંગની મેનકા. એકાંત, મોડી રાત, ખાલી સમય, નવરાશ.
આ ચાર ભેગા થાય એટલે ભ્રમ ભાંગે છે. અને ભ્રમ ભાંગે એટલે જે શક્તિને ઉર્ધ્વગામી થવાની હતી, તે અધોગામી થાય છે. જેને શાસ્ત્રમાં વીર્ય સ્ખલન કહ્યું છે.

આપણા ઋષિઓએ વીર્યને સામાન્ય વસ્તુ નથી ગણી, તેને તપ ગણ્યું છે. તે ઓજ છે, તેજ છે, બુદ્ધિ છે. તેના નાશથી માત્ર શરીર નબળું નથી પડતું, વ્યક્તિત્વ નબળું પડે છે. ચહેરાનું તેજ ઓછું થાય છે, આંખોમાં ચંચળતા આવે છે, નિર્ણય શક્તિ ઘટે છે, એકાગ્રતા તૂટે છે. જે યુવાન રોજ આ માર્ગે જાય છે, તેને ખબર પણ નથી પડતી કે તે ધીરે ધીરે ખાલી થઈ રહ્યો છે.

તો શું કરવું?! મેનકાથી ભાગવું?!
નાજી...! વિશ્વામિત્ર ભાગ્યા નહોતા! તેઓ પડ્યા, પણ ફરી ઊભા થયા. ફરી તપ કર્યું અને બ્રહ્મર્ષિ બન્યા!

ઉપાય ભાગવાનો નથી, દૃષ્ટિ બદલવાનો છે. મેનકામાં માતા જોવી, બહેન જોવી, દેવી જોવી, તો વિકાર ન આવે. બીજું — પોતાને એકલા ન મૂકવા. સત્સંગમાં રહેવું, શરીરને શ્રમ આપવો, સવારે કસરત કરવી, કોઈની સેવા કરવી. ખાલી મન એ મેનકાનું ઘર છે!
કળયુગની મેનકા રોજ નૃત્ય કરશે. તેનું કામ નૃત્ય કરવાનું છે. તમારું કામ તમારા તપ પર સ્થિર રહેવાનું છે. જે એક વાર પડીને પણ ફરી



સંયમ તરફ વળે છે, તે જ સાચો અને ખરો બ્રહ્મચારી છે!જય સીયારામ! લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાને ૧૦૧ વર્ષ પુરા થશે



આગામી વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાને ૧૦૧ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે ત્યારે સંઘ સમાજના લાખો લોકોની આસ્થા અને વિશ્વાસનો આધાર બન્યો છે.અને સંઘ આજે વિશ્વભરમાં એક ગૌરવવંતું સ્થાન મેળવ્યું છે. કોઈ સંગઠન પોતાની આટલી લાંબી મઝલ કાપી રીતે આગળ વધે તે કોઈ નાની સુની મહાન ઘટના નથી ૧૯૨૫માં નાગપુરથી શરુ થયેલ આ કાર્ય આજે ભારતના ગામેગામ સુધી પહોંચી ગયું છે.સંઘે શરૂ કરેલ કાર્ય

?એટલું આસાન નહોતું છતાં શરુઆતમાં ઉપેક્ષા, ઉપહાસ, પછી રાજનૈતિક સ્પર્ધાના કારણે અનેક સ્તર પર વિરોધ થયો, ક્યાંક ક્યાંક સંઘર્ષ પણ થયો, પરંતુ રાષ્ટ્ર નિર્માણનું આ કાર્ય અટક્યું નહી નાના મોટા સહુ કાર્યકર્તાઓના પરિશ્રમ, ત્યાગ, સમર્પણ તથા સમાજના સહયોગ અને ઈશ્વરના આશીર્વાદથી સંઘકાર્ય નિરંતર વૃદ્ધિ પામતું રહ્યું. આજે સંઘકાર્ય માટે સમાજનું સમર્થન અને સહયોગ નિરંતર વધી રહ્યા છે.

?સમય સમય પર વિવિધ મુદ્દાઓના આધારે સમાજ સહયોગ પણ કરી રહ્યો છે. સંઘની શક્તિ અને પ્રભાવની સાથે સમાજની માનસિકતામાં પણ હવે પરિવર્તન દેખાવા લાગ્યું છે. સંઘના વિરોધમાં વર્ષોથી ચલાવવામાં આવેલી અનેક પ્રકારની ધારણાઓમાં હવે બદલાવ આવતો દેખાઈ છે. આ માટે સંઘના કાર્યકર્તાઓએ અનુભવેલા સંઘર્ષો અને એમાંથી બહાર આવવા માટે સ્વયંને અને સમાજને કેવી રીતે તૈયાર કરી શકાય એ પણ એક વિચારવા યોગ્ય બાબત છે.

??૧૦૧ વર્ષની સફર પ્રત્યેક પેઢીના સ્વયંસેવકોએ પોતાની ભૂમિકા નિભાવીને સંઘને નવી દિશા આપી છે. તેમના અથાક પરિશ્રમથી સંઘકાર્યને નવી ઊંચાઈ પર લઈ ગયા છે. પ્રારંભિક સમયમાં સંસ્થાપક ડૉ. હેડગેવાર અને તેમના સાથી સ્વયંસેવકો દ્વારા નાના બીજારોપણથી શરુ થયેલી આ સફર ધીમે ધીમે દેશવ્યાપી, સમાજવ્યાપી અને સર્વસ્પર્શી બની ગઈ છે. વર્તમાન પેઢીના કાર્યકર્તાઓ સંઘકાર્યને સમાજ સુધી લઈ જઈને સંઘ અને સમાજ એકરૂપ બનનારી દિશામાં સક્રિય છે.

?સંઘની સ્થાપના કર્યા બાદ ડૉ. હેડગેવારે સંગઠનનો પાયો મજબૂત કરવા પર સંપૂર્ણ ધ્યાન આપ્યું. હેડગેવારજીનું ચિંતન હતું કે આપણું મૂળભૂત કાર્ય સંપૂર્ણ હિન્દુ સમાજને સંગઠિત કરીને હિન્દુત્વના અધિષ્ઠાન પર ભારતને સમર્થ અને વૈભવશાળી રાષ્ટ્ર બનાવવાનું છે. આ ઉમદા હેતુ માટે ગુણવાન, અનુશાસિત, દેશભક્તિથી ઓતપ્રોત, ચારિત્ર્યવાન અને સમર્પિત કાર્યકર્તાઓની આવશ્યકતા રહેશે. આ કાર્યકર્તા નિર્માણ માટે તેમણે એકદમ સરળ અને અનોખી કાર્યપદ્ધતિ આપી જે 'શાખા'ના સ્વરૂપે વિકસિત થતી ગઈ. નાગપુરમાં એક મેદાનમાં શરુ થયેલ કાર્ય જ્યારે ડૉ. હેડગેવારનું ૧૯૪૦માં નિધન થયું ત્યાં સુધીમાં ભારતના બધા પ્રાંતોમાં પહોંચી ગયું હતું. આ ૧૫ વર્ષ દરમિયાન શાખાના કાર્યક્રમો, પ્રાર્થના, પ્રશિક્ષણ વર્ગ, ઉત્સવ વગેરેની કાર્યપ્રણાલી વિકસિત થતી ગઈ, જેના કારણે શ્રદ્ધા અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓની પરંપરા શરુ થઈ.

?સ્વતંત્રતા પછી સંસ્થાપકના વિકાસનો બીજો તબક્કો પ્રારંભ થયો. આ દરમિયાન દ્વિતીય સરસંઘચાલક ગુરુજીની પ્રેરણાથી સંઘકાર્ય સર્વવ્યાપી અને સર્વસ્પર્શી બનાવવાનો પ્રારંભ થયો. સ્વયંસેવકો દ્વારા યુવા, શિક્ષણ, કૃષિ, કલા, ધાર્મિક, રાજનીતિ, વિજ્ઞાન સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારતના ×સ્વ×ના આધાર પર પરિવર્તન આવે તે પ્રકારનો વિચાર થયો. સ્વયંસેવકોએ સમાજ જીવનના વિવિધ ક્ષેત્રોમાં સંગઠનો પ્રારંભ કર્યા. ૧૯૪૮માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની સ્થાપના થઈ. ત્યારબાદ ભારતીય જનસંઘ, વનવાસી કલ્યાણ આશ્રમ, વિદ્યા ભારતી, વિશ્વ હિન્દુ પરિષદ, ભારતીય મજદૂર સંઘ વગેરે અનેક સંગઠનો પ્રારંભ થયા. સંઘ અને આ તમામ સંગઠનો મળીને 'વિચાર પરિવાર' તરીકે આજે ઓળખાય છે. વર્તમાન સમયમાં આ બધા સંગઠનો પોતપોતાના ક્ષેત્રમાં પ્રભાવી સંગઠનો બન્યા છે.

?૧૯૮૯માં ડૉ. હેડગેવારની જન્મ શતાબ્દી સમયથી સેવા કાર્યોમાં ગતિ અને સંગઠનાત્મક સ્વરૂપ આપવા માટેના પ્રયાસો થયા, સંઘમાં પ્રારંભથી જ સેવા કાર્ય માટેનો ભાવ સ્થાપિત હતો જ પરંતુ સેવા કાર્યોને ગતિ મળે તે હેતુથી શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર અને સ્વાવલંબનના વિષયોમાં ગ્રામીણ અને નગરીય ક્ષેત્રોમાં સંસ્થાગત વિવિધ સેવાકાર્યો પ્રારંભ થતાં ગયા. વર્તમાન સમયમાં સવા લાખથી વધુ સેવાકાર્યો સંઘના કાર્યકર્તાઓ દ્વારા ચાલી રહ્યા છે. આ સેવાકાર્યો પાછળનો મૂળ ભાવ 'નર સેવા એ જ નારાયણ સેવા' ના સૂત્રને ચરિતાર્થ કરીને સમગ્ર હિન્દુ સમાજને સંગઠિત કરવાનો રહ્યો છે. આ દરમિયાન સમાજમાં ચાલેલા જનઆંદોલનોમાં પણ સંઘના કાર્યકર્તાઓની નેતૃત્વ ભૂમિકા રહી, જેમાં શ્રીરામ જન્મભૂમિ આંદોલન, ગોરક્ષા આંદોલન વગેરે મુખ્ય ગણી શકાય.

૨૦૦૬માં શ્રીગુરુજીની જન્મ શતાબ્દીનો પ્રારંભ થયો. આ સમયે સંઘે સામાજિક સમરસતા અને સામાજિક સદભાવ બેઠકોનો પ્રારંભ કર્યો. સમાજમાં ફેલાયેલ જાતિગત ભેદભાવને દૂર કરીને સમાજમાં એકતાનો સંદેશ પ્રસરે તેવા ઉદ્દેશ્યથી આ કાર્યો શરુ થયા. સાથે સાથે સમાજના પડકારોનું નિરાકરણ સમાજના સજ્જનો દ્વારા આપવા તેવા નિર્ધાર અને વિશ્વાસ સાથે સમાજ પરિવર્તન માટે ગતિવિધિઓનો પણ પ્રારંભ થયો.

? આગામી તબક્કો મહત્વપૂર્ણ બની રહેનારો છે. સંઘની અપેક્ષા અને વિશ્વાસ છે કે આ સમયગાળામાં સંઘ અને સમાજ એકરૂપ બની જવાની દિશામાં આગળ વધશે. સંઘ જે ઉદ્દેશ્ય સાથે કાર્ય કરે છે તે સમાજનો પણ ઉદ્દેશ્ય બની જાય, સમાજ અને સંઘમાં કોઈ અંતર ન દેખાય એવા ઉદ્દેશ્યથી આ કાર્ય ઝડપથી આગળ વધે તેવી આગામી સમયમાં સંઘની દિશા રહેશે. સ્વયંસેવકો પોતાના પરિવારથી પહેલ કરીને પોતાના આચરણ અને વ્યવહાર દ્વારા સમાજને એ દિશામાં સક્રિય થવા નિરંતર પ્રયાસ કરશે.

?સમાજ પરિવર્તન માટે પર્યાવરણ સંરક્ષણ, સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, સ્વદેશી આચરણ અને નાગરિક કર્તવ્ય એવા પાંચ વિષયોનો આગ્રહ કર્યો છે. સ્વયંસેવકો સમાજના વધુમાં વધુ લોકોને તેમની રુચિ અને ક્ષમતા અનુસાર સમાજ પરિવર્તનના આ પાંચ વિષયમાં સહયોગી બનાવવા માટે સક્રિય થશે. આ દ્વારા સંઘના કાર્યવિસ્તારની સાથે સાથે સમાજની સજ્જન શક્તિની સાથે મળી સમાજ પરિવર્તનનું એક પ્રભાવી કાર્ય થશે.

?? સંઘ આજે ન માત્ર એક સંગઠન છે પરંતુ એક વૈચારિક આંદોલન બની ગયું છે. સંગઠન, વિચાર અને સમર્પણના આધારે સમાજ પરિવર્તન થઈ શકે છે તેવું સિદ્ધ થયું છે. સંઘની શતાબ્દીની સફર ભારતના વિકાસનું પ્રતીક છે. સંઘની નિરંતર ચાલી આવેલી આ યાત્રા ભારતના રાષ્ટ્રીય પુનરુત્થાન અને વિશ્વગુરુ બનવાની દિશામાં ભારતને આગળ લઈ જવા માટે પ્રવાહિત છે.

- વસંત મહેતા (દાદુ)

કલ્યરલના ગરબામાં છઠ્ઠા નોરતે લોકસંસ્કૃતિની રંગત અને કલાના વૈભવનો અનોખો સંગમ







ગાંધીનગર, તા. ૧૭ ઓક્ટોબર,

ગાંધીનગર કલ્યરલ ફોરમના પરંપરાગત નવરાત્રી મહોત્સવમાં છઠ્ઠા નોરતે ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. માતાજીની ભક્તિ, ગુજરાતી લોકસંસ્કૃતિ અને પરંપરાગત ગરબાના આગવા લય સાથે કલ્યરલનું વિશાળ ગરબા પ્રાંગણ ઉત્સાહ અને ઉમંગથી છલકાઈ ઊઠ્યું હતું. મધરાત સુધી રાસ-ગરબાની રમઝટ અને મધરાતથી પરોઢ સુધી મંડળી ગરબાની ધમાકેદાર રંગત કલ્યરલના ગરબાની વિશિષ્ટ ઓળખ બની રહી છે. પરંપરાગત ગરબાની આ આગવી શૈલી માણવા મોટી સંખ્યામાં ઉમટેલા ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમી નવરાત્રીના છઠ્ઠા નોરતાને યાદગાર બનાવ્યો હતો.છઠ્ઠા નોરતે ગુજરાત રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા કલ્યરલના ગરબા માણવા પધાર્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના મુખ્ય સરકારી વકીલ શ્રી હિતેશભાઈ રાવલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્ય અને શિક્ષણજગતના મહાનુભાવોની ઉપસ્થિતિએ પણ આ સાંજને વિશેષ ગૌરવ અપાવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણા, સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સેક્રેટરી શ્રી વરુણ ગુલાટી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ શ્રી ભાગ્યેશ જહા, ગુજરાત સાહિત્ય અકાદમીના સચિવ ડૉ. જયેન્દ્રસિંહ જાદવ તથા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના પૂર્વ કુલપતિ ડૉ. ચેતનભાઈ ત્રિવેદી પણ કલ્યરલના ગરબા માણવા પધાર્યા હતા. મહાનુભાવોએ ગુજરાતી લોકસંસ્કૃતિની જીવંત પરંપરા અને ખેલૈયાઓના ઉત્સાહનો અનુભવ કર્યો હતો.

છઠ્ઠા નોરતાની વિશેષ આકર્ષણરૂપે કલ્યરલ ફોરમના ગરબા પ્રાંગણમાં કલાત્મક પ્રસ્તુતિઓનો અનોખો અવસર સર્જાયો હતો. ગાંધીનગર જિલ્લા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં રાસની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલા શ્રી ધીરજભાઈ રાઠોડના પ્રારંભ કલાવૃંદના યુવાનોએ ‘મણિયારો‘ રાસની ઉત્કૃષ્ટ પ્રસ્તુતિ કરી હતી. પરંપરાગત રાસની લય, તાલબદ્ધ હિલોળા અને કલાકારોની સુમેળભરી રજૂઆતથી ઉપસ્થિત જનમેદની મંત્રમુગ્ધ બની હતી. ગુજરાતી લોકનૃત્યની સમૃદ્ધ પરંપરાને ઉજાગર કરતી આ પ્રસ્તુતિને દર્શકોએ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી હતી.

આ ઉપરાંત પનઘટ કલા કેન્દ્રની નાની-નાની બાળાઓએ પ્રાચીન ગરબા ‘રાણો અચીધો...‘ની મનમોહક પ્રસ્તુતિ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. કલા મહાકુંભમાં પણ પ્રસ્તુત થયેલો આ ગરબો મૂળ પનઘટ કલા કેન્દ્રનું સર્જન છે. આ વિશિષ્ટ પ્રસ્તુતિએ સોશિયલ મીડિયા પર પણ ભારે લોકપ્રિયતા મેળવી છે અને સેન્સેશન સર્જ્યું છે. નાની બાળાઓની સુંદર રજૂઆતમાં પ્રાચીન ગરબાની પરંપરા, લોકસંગીતની મીઠાશ અને ગુજરાતી સંસ્કૃતિની આગવી ઓળખનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. બંને કલાત્મક પ્રસ્તુતિઓને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટ અને હર્ષોલ્લાસથી વધાવી હતી. આ પ્રસ્તુતિઓએ સાબિત કર્યું હતું કે પરંપરાગત લોકકલા આજે પણ નવી પેઢીને આકર્ષિત કરવાની અને લોકહૃદયમાં સ્થાન મેળવવાની ક્ષમતા ધરાવે છે.

છઠ્ઠા નોરતાની સંગીતમય સાંજને વધુ યાદગાર બનાવતાં ઉત્તર ગુજરાતનાં કોકિલકંઠી ગાયિકા અભિતા પટેલે પોતાના સુમધુર કંઠે ગરબાની રમઝટ બોલાવી હતી. તેમની ઊર્જાસભર ગાયકી અને લોકપ્રિય ગરબાની રજૂઆતથી ખેલૈયાઓમાં નવો ઉત્સાહ સંચારાયો હતો. સંગીતના સૂર અને તાલ સાથે પરંપરાગત ગુજરાતી પોશાકમાં સજ્જ ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમીને સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવ્યું હતું. મધરાત સુધી રાસ-ગરબાની રંગત જામી રહી હતી અને ત્યારબાદ મંડળી ગરબાની પરંપરાએ ખેલૈયાઓને પરોઢ સુધી લોકસંસ્કૃતિના તાલે જોડાયેલા રાખ્યા હતા.નવરાત્રીના છઠ્ઠા નોરતે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં પણ ખેલૈયાઓએ પોતાની પ્રતિભા, નૃત્યકૌશલ્ય અને આકર્ષક પોશાકથી ઉપસ્થિત સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે નંદીની પટેલ અને બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સ તરીકે હર્ષિલ ત્રિવેદી વિજેતા બન્યાં હતાં. બેસ્ટ પેર કેટેગરીમાં જીનલ દખણી અને રેવા ઠક્કરની જોડીએ વિજય મેળવ્યો હતો. જ્યારે બેસ્ટ ક્વીન તરીકે અંકિતા પટેલ અને બેસ્ટ કિંગ તરીકે નિશાંત ચાવડા વિજેતા જાહેર થયાં હતાં. બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ તરીકે શિલ્પા ગોહિલ અને બેસ્ટ ડ્રેસ પ્રિન્સ તરીકે પ્રેમ શાહ વિજેતા બન્યાં હતાં.ટીનેજર કેટેગરીમાં દિશા શર્મા બેસ્ટ ટીનેજર ગર્લ અને શૌર્ય ગજ્જર બેસ્ટ ટીનેજર બોય તરીકે વિજેતા થયાં હતાં. બેસ્ટ કીડ કેટેગરીમાં હેતાર્થીબા મોડ અને મંથન સોની, જ્યારે બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીમાં આર્વી પટેલ અને જીયાન્સ ડોડીયા વિજેતા બન્યાં હતાં. તમામ વિજેતા ખેલૈયાઓને તેમની સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

આમ, ગાંધીનગર કલ્યરલ ફોરમના નવરાત્રી મહોત્સવના છઠ્ઠા નોરતે ભક્તિ, લોકસંગીત, પરંપરાગત રાસ-ગરબા અને કલાત્મક પ્રસ્તુતિઓનો અદભુત સંગમ સર્જાયો હતો. રાજ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ, પ્રારંભ કલાવૃંદનો ‘મણિયારો‘ રાસ, પનઘટ કલા કેન્દ્રની બાળાઓનો ‘રાણો અચીધો...‘ ગરબો અને અભિતા પટેલની સુમધુર ગાયકી આ રાત્રિનાં મુખ્ય આકર્ષણો રહ્યાં હતાં. ત્રણ દાયકાથી વધુ સમયથી ગુજરાતી લોકસંસ્કૃતિનું જતન કરતી કલ્યરલ ફોરમની નવરાત્રી માત્ર ઉત્સવ નહી, પરંતુ પરંપરાગત કલા, નવી પેઢીની પ્રતિભા અને સામૂહિક સાંસ્કૃતિક ચેતનાને એક મંચ પર લાવતી જીવંત પરંપરા બની રહી છે. છઠ્ઠા નોરતાની આ રંગતથી આગામી નોરતાઓ માટે પણ ખેલૈયાઓ અને ગરબાપ્રેમીઓમાં ઉત્સાહનો નવો સંચાર થયો હતો.

ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમારે ચીરાપાડા ગામની મુલાકાત લઇ ગામ દફતરની સઘન તપાસણી કરી, ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો



ડાંગ આહવા: તા: ૧૭ : ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમારે પોતાની ક્ષેત્રીય મુલાકાત દરમિયાન આહવા તાલુકાના બારીપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના ચીરાપાડા ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે સીધો સંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. આ મુલાકાતનો મુખ્ય હેતુ છેવાડાના નાગરિકો સુધી વહીવટી તંત્રની પહોંચ સુનિશ્ચિત કરી, તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો જાણી સરકારી યોજનાઓનો લાભ વધુ વ્યાપક રીતે પહોંચાડવા માટેનો હતો.મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ચીરાપાડા ગામના દફતરની સઘન તપાસણી કરી હતી. જમીન રેકોર્ડ, જન્મ-મરણ રજિસ્ટર, કરવેરાની વસૂલાત તથા ગ્રામ પંચાયતના સત્તાવાર દફતરી રેકોર્ડની ચકાસણી કરી વહીવટી કામગીરીની સમીક્ષા કરી હતી. વહીવટમાં પારદર્શિતા અને સમયબદ્ધતા જળવાઈ રહે તે માટે પંચાયતના કર્મચારીઓ તથા તલાટી-કમ-મંત્રીશ્રીને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.તેમજ ગામમાં દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલા સ્વસહાય જૂથોની કામગીરી અંગે કલેક્ટરશ્રીએ સખી મંડળની બહેનો સાથે સીધો સંવાદ કર્યો હતો. દૂધ ઉત્પાદન વધારવા, આધુનિક પશુપાલન પદ્ધતિઓ અપનાવવા, પશુપાલન માટે ધિરાણની સુવિધાઓનો લાભ લેવા તથા ડેરી વ્યવસાય થકી મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને તે માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.કલેક્ટરશ્રીએ ચીરાપાડા પ્રાથમિક શાળાની મુલાકાત લઈ શૈક્ષણિક કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. બાળકો સાથે સંવાદ સાધી શાળાની વ્યવસ્થા તથા ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ અંગે સ્ટાફ સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.જિલ્લા કલેક્ટરશ્રીની આ મુલાકાત દરમિયાન ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો દ્વારા ગામના વિકાસને લગતા મુખ્ય પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં પીવાના પાણીની સમસ્યાનો કાયમ

શ્રી વી.જે.દવે હાઈસ્કૂલ, દહેગામ દ્વારા ઔડા ગાર્ડન ખાતે ભક્તિ અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમરૂપ ભવ્ય ગરબા મહોત્સવ યોજાયો

દહેગામ સ્થિત શૈક્ષણિક સંસ્થા શ્રી વી.જે.દવે હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્યો, ભારતીય સંસ્કૃતિ, પરંપરાગત વારસા અને નવરાત્રી પર્વના ધાર્મિક મહત્વનું સિંચન થાય તેવા શુભ આશયથી આજરોજ નગરના નયનરમ્ય એવા ઔડા ગાર્ડન ખાતે એક ભવ્ય, શિસ્તબદ્ધ અને ઉત્સાહસભર ‘ગરબા મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



ચણિયાચોળી, કુર્તા પાયજામા જેવા રંગબેરંગી અને કલાત્મક પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલા વિદ્યાર્થીઓએ ગરબાના તાલ અને સંગીતના સૂર પર મન મૂકીને ગરબાની રમઝટ બોલાવી હતી, વિદ્યાર્થીઓની સાથે શાળાના શિક્ષકો પણ ગરબે ઘૂમ્યા હતા, જેનાથી ગુરુ-શિષ્ય વચ્ચેનો પ્રેમ અને આત્મીયતા વધુ દ્રઢ બન્યા હતા.

ગરબાના અંતે મા અંબાના દિવ્ય મંડપ સમક્ષ આચાર્યશ્રી, શિક્ષકગણ અને વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા સમગ્ર ઔડા ગાર્ડન પરિસરમાં મા જગદંબાની ભક્તિમય મહાઆરતીની ગુંજ ઉઠી હતી. આરાધના અને ભક્તિના આ વાતાવરણે સૌ કોઈને ભાવવિભોર કરી દીધા હતા.

આજના આ સમગ્ર મહોત્સવનું મુખ્ય આકર્ષણ શાળાના સ્ટાફ પરિવારનું ઉમદા અને પ્રેરણાદાયી આયોજન રહ્યું હતું. ગરબાની રમઝટ બાદ થાકેલા વિદ્યાર્થીઓ માટે શાળાના સ્ટાફ પરિવાર દ્વારા અત્યંત પ્રેમભાવથી પૌષ્ટિક તથા સ્વાદિષ્ટ અલ્પાહાર ની વ્યવસ્થા કરવામાં આવી હતી. શિક્ષકોએ પોતે જ ઉપસ્થિત રહીને તમામ વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રેમપૂર્વક નાસ્તો પીરસ્યો હતો. શાળા પરિવારની આ લાગણી, વાત્સલ્ય અને સેવાની ભાવના જોઈને વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ભારે આનંદ અને લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

શાળાના આચાર્યશ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, "અભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે. આજે શાળા સ્ટાફ પરિવારે જે પ્રેમ અને સહયોગથી અલ્પાહારનું આયોજન કર્યું છે, તે દર્શાવે છે કે આ શાળા માત્ર એક શિક્ષણધામ નથી પરંતુ એક પરિવાર છે."

પ્રાચીન ગરબા એટલે આપણી સંસ્કૃતિ, શ્રદ્ધા અને પરંપરાનું ગૌરવ

આદ્ય આસ્થા ગરબા ગ્રુપ દ્વારા પ્રાચીન ગરબાની પરંપરાને જીવંત રાખવાનો સુંદર ધાર્મિક પ્રયાસ





નવરાત્રિ એટલે મા અંબેની આરાધના, ભક્તિ અને શક્તિની ઉપાસનાનું પર્વ. ગરબા એ માત્ર નૃત્ય નથી, પરંતુ આપણી ગુજરાતી સંસ્કૃતિ, ધાર્મિક શ્રદ્ધા અને સમૃદ્ધ પરંપરાનું પ્રતીક છે.

આજના આધુનિક યુગમાં ગરબાના બદલાતા સ્વરૂપ વચ્ચે પ્રાચીન ગરબાની પરંપરાને જાળવી રાખવી અને નવી પેઢી સુધી પહોંચાડવી અત્યંત જરૂરી છે. આ જ ભાવનાને ધ્યાનમાં રાખીને પ્રાચીન ગરબા રજૂ કરવાનો હેતુ આપણી મૂળ સંસ્કૃતિનું જતન કરવું, પરંપરાગત ગરબાનાં ગીતો, તાલ, લય અને ભક્તિભાવને જીવંત રાખવો છે. આ પ્રયાસ દ્વારા યુવા પેઢીને આપણી પરંપરાનું મહત્ત્વ સમજાવવા, મહિલાઓમાં એકતા અને સહકારની ભાવના વધારવા તેમજ આવનારી પેઢી સુધી આ અમૂલ્ય સાંસ્કૃતિક વારસો પહોંચાડવાનો સંકલ્પ પ્રાચીન ગરબા એટલે આપણી સંસ્કૃતિ, શ્રદ્ધા અને પરંપરાનું ગૌરવને જીવંત રાખવાનો સુંદર પ્રયાસ આદ્ય આસ્થા ગરબા ગ્રુપ દ્વારા કરવામાં આવી રહ્યો છે.સાદગીપૂર્ણ છતાંય આકર્ષક, સુંદર અને ભક્તિપૂર્ણ માહોલમાં સિડની લાઈફ સ્ટાઈલ, સરગાસણ, ગાંધીનગર ખાતે આદ્ય આસ્થા ગરબા ગ્રુપ દ્વારા પ્રાચીન ગરબાની પરંપરાને મૂર્તિમંત કરવામાં આવેલ છે. લુપ્ત થઈ રહેલ પ્રાચીન ગરબાની સાચી પરંપરાને સમય કાઢીને જરુરથી નિહાળવી જોઈએ જેથી આવનારી પેઢીને માતાજીની આરાધના, સંસ્કૃતિ અને શક્તિના સાચા સ્વરુપથી માહિતગાર કરાવી શકા.

આદ્ય આસ્થા ગરબા ગ્રુપની બહેનો સાથેની વાતચીતમાં તેમણે ખૂબ જ શાલીનતા, વિનમ્રતા અને ભક્તિપૂર્ણ રીતે જણાવેલ કે, ‘‘પ્રાચીન ગરબો માત્ર એક નૃત્ય નથી, પરંતુ આપણી આસ્થા, સંસ્કૃતિ અને સંસ્કારોનો જીવંત વારસો છે.’’ તેને સાચવવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. સિડની લાઈફ સ્ટાઈલ, સરગાસણ, ગાંધીનગર ખાતે દસેય દિવસ અલગ અલગ ગ્રુપ દ્વારા ભક્તિપૂર્ણ રીતે પ્રાચીન ગરબા થકી માતાજીની આરાધના કરવામાં આવે છે, જે પ્રતિવર્ષ અમો કરતાં રહીશું.



જ્યારે આપણો દેશ ’વિકસિત ભારત ૨૦૪૭’ના લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે દિવ્યાંગજનોને પણ તેમના સર્વાંગી વિકાસ માટે ઉત્તમ તકો અને સહયોગ મળવા લાગ્યા છે. તેમની ગતિશીલતા અને આર્થિક સ્વાવલંબનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે, ’વાઘ બકરી ફાઉન્ડેશન’ આગળ આવ્યું છે અને આવા વ્યક્તિઓને ૨૫૦ મિની સ્ટોલ, ૧૦૦ વ્હીલચેર અને ૧૫ કૃત્રિમ અંગા પ્રદાન કર્યા છે.

પોતાના પરોપકારી કાર્યો માટે જાણીતા ’વાઘ બકરી ફાઉન્ડેશન’ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પારસ દેસાઈએ ’બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન ખાતે જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને ૫૦ સ્ટોલ અને સાધનો અર્પણ કર્યા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat